હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

તારા ગ્રહ જોતા તને હોળી પછી એક ફાયદો થવાનો છે...તને મેથી અને વટાણા ફોલવાનાં કામમાંથી મુક્તી મળશે...!!

શહેરમાં આગના ૩ બનાવો

સેક્ટર-૨૩, રહેણાંક વિસ્તારમાં મીટર બોક્સમાં આગ : સેક્ટર-૧૧ કોર્ટ ગેટ નં.૨ની સામે છાપરામાં આગ : ચ-માર્ગ પર ગાર્બેજ વાન આગમાં લપેટાઈ : કોઈ જાનહાની નથી

ગાંધીનગર શહેરમાં ઉનાળાની પ્રારંભમાં જ બે દિવસમાં ત્રણ આગના બનાવ સામે આવ્યા છે. ગઈકાલે રાત્રીના સેકટર-૨૩ યોગેશ્વર ફલેટ, કોર્ટ નં.૨ ના ગેટ સામે ઝુંપડામાં તેમજ આજે બપોરના સુમારે ચ માર્ગ પર ગાર્બેજ વાનમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. ત્રણેય કિસ્સામાં માલહાની થવા પામી છે. જાનહાની થવા પામી નથી. જયારે બનાવ અંગે જાણ થતા ફાયર ટીમ સ્થળ પર પહોંચી જઈ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરમાં ગઈકાલે મધ્યરાત્રીએ બે જગ્યા પર અચાનક આગની ઘટના બની હતી. સેકટર-૨૩ દેસાઈ નર્સિંગ હોમ પાસે આવેલી યોગેશ્વર ફલેટના મીટર બોકસમાં અચાનક કોઈ કારણસર આગ ભભુકી ઉઠી હતી. જેથી ફલેટના રહીશોના જીવ પડીકે બંધાઈ ગયા હતા. ગણતરીના સમયમાં આગની લપેટમાં મીટરબોક્ષ બળીને સ્વાહા થઈ ગયા હતા. જયારે આગની જવાળાઓ દુર દુર સુધી દેખાતી હતી. આગની જાણ સ્થાનિક નાગરીકોએ ફાયર વિભાગને કરતા ટીમના જવાનો દોડી આવ્યા હતા. વીજપ્રવાહ બંધ કરી દેવાયો હતો.ત્યારબાદ ગણતરીના સમયમાં પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. જયારે શોર્ટસર્કિટને પગલે આગ લાગી હોવાનું સામે આવ્યું હતું.

જયારે બીજા બનાવમાં શહેરની કોર્ટ બિલ્ડીંગના ગેટ નં.૨ ની સામે પાર્કિંગ એરીયામાં એક ઝુંપડામાં પણ રાત્રીના સમયે આગ લાગી હતી. બનાવની જાણ થતા ફાયર બિગ્રેડની ટીમ તાત્કાલીક આવી પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. જયારે વેપારીએ છાંયડા માટે આડશ ઉભી કરી હતી તે સળગી ઉઠયું હતું.જો કે આગ કયાં કારણોસર લાગી તે જાણી શકાયું નથી.

જયારે ત્રીજા બનાવમાં આજે બપોરના સમયે ચ માર્ગ પર વિધાનસભા સામે અચાનક ગાર્બેજ વાન નં.જી.જે.૧૮.એ.ઝેડ-૫૦૧૬ સળગી ઉઠી હતી. જો કે તેમાં સવાર ડ્રાઈવર અને કર્મચારીઓ નીચે ઉતરી જતા બચાવ થયો હતો. ત્યારે આગની લપેટમાં ગાર્બેજવાનનો આગળનો ભાગ બળીને ખાક થઈ ગયો હતો. જયારે ફાયરની ટીમે સ્થળ પર પહોંચી પાણી છાંટીને આગ પર કાબુ મેળવીલીધો હતો.પરંતુ ત્રણેય કિસ્સામાં જાનહાની થવા પામી નથી. ત્યારે શહેરમાં બે દિવસમાં આગના ત્રણ બનાવ સામે આવતા ફાયર ટીમ દોડા-દોડી કરતી નજરે પડી હતી.

ખૂણેખાંચરેથી

● ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જિલ્લા કલેક્ટર કચેરીને ૧૦ કારકુનોની ફાળવણી કરવામાં આવી છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનોના વેચાણના કેમ્પને સારો પ્રતિસાદ સાંપડ્યો છે. દર શુકવારે અહિ વેચાણ કેન્દ્ર બનાવવામાં આવે છે.

● દહેગામમાં ગાય સાથે ટકરાતા એકટીવાચાલક ઈજાગ્રસ્ત થયો હતો.

● વિધાનસભાના ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે પણ સચિવાલયના ઉદ્યાનોમાં નીલગાય વિચરણ કરતી જોવા મળી હતી.

● ગાંધીનગરના પોર ગામમાં કચરો નાખવા મામલે બે શખ્સોનો ચાર લોકો પર હુમલો થયાની ઘટના નોંધાઈ છે.

● શેરબાજારમાં સેન્સેક્સ ગગડતાં જ જિલ્લાના રોકાણકારોમાં નિરાશાનું મોજુ પ્રસરી ગયુ છે.

● સ્વ. પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીની પુણ્યતિથિએ માણસામાં સોલાર લાઈટોનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

● કલોલમાં ગઠિયો એકટીવા ચોરી રફુચક્કર થયાની ઘટના નોંધાઈ છે.

● અમદાવાદ-ઉદેપુર ટ્રેન હવે ઈલેક્ટ્રીક ટ્રેઈન થશે.

● કલોલ સરદાર બાગની આસપાસના દબાણો દૂર કરવામાં ભેદભાવની નીતિને લઈ લોકોમાં તરેહ તહેની ચર્ચા.

● બહિયલના યુવકને નોકરીથી પરત ફરતાં તારાના છાપરા ગામ નજીક અકસ્માત નડ્યો.

● ગાંધીનગર શહેરના સેક્ટરોમાં ડેબ્રીજના ઠેર ઠેર ઢગલા જોવા મળી રહ્યા છે.

● ગાંધીનગર શહેરમાં પાનખરને કારણે પાંદડાઓનો કચરો નગરની શોભાને બગાડી રહ્યા છે. વન વિભાગ દ્વારા નિયમિત સફાઈ થતી નથી તેનો રોષ લોકોમાં છે.

● ગાંધીનગર શહેરમાં અને જિલ્લામાં અધિકારીઓ રજાના માહોલમાં લગ્નસરાને લઈ મળી રહ્યા છે.

બી.એડ.કોલેજ સે -૨૩ સ્પોર્ટ્સ દિવસ ની ઉજવણી

ગાંધીનગર, તા.૨૪

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની એસ. એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઈંગ્લીશ મીડીયમ બી. એડ. કોલેજ સેક્ટર-૨૩, ગાંધીનગરની કોલેજોમાં તા.૨૪ના રોજ સ્પોર્ટ્સ ડે નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વોલીબોલ,૧૦૦ મીટરની દોડ, કબડ્ડી, ખોખો, રસ્સા ખેચ, ચેસ, સંગીત ખુરશી, ચેસ, લીંબુ ચમચી જેવી જુદી જુદી રમતોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

જુદી જુદી રમતોમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન પ્રો.વીણાબેન પટેલ, બંને કોલેજોના એચ. ઓ. ડી. ડૉ.જિજ્ઞાસાબેન જોશી, ડૉ. કુસુમબેન યાદવ તેમજ અધ્યાપકોએ પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. શીતલ દિક્ષિત અને ડૉ. તોમ્બાસિંગે કર્યું હતું.

ભારતીય વિચાર મંચ દ્વારા "રામરાજ્ય અને ભારતીય બંધારણ" વિષય પર વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

ભારતીય વિચાર મંચ ગાંધીનગર દ્વારા "રામરાજ્ય અને ભારતીય બંધારણ" વિષય પર જાહેર વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વક્તા તરીકે અશ્વિની ઉપાધ્યાય (સુપ્રિમ કોર્ટના વરિષ્ઠ વકીલ, BJP નેતા, PIL MAN તરીકે જાણીતા) આવનાર છે. આ કાર્યક્રમ તારીખ ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૩રવિવારે, સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાકે સભાગૃહ, નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, સેક્ટર-૯, ગાંધીનગર ખાતે યોજાશે. વધુ માહિતી માટે ભારતીય વિચાર મંચના ગાંધીનગર કેન્દ્રના મંત્રી પ્રિતેશ મોદી -૯૯૭ ૮૪૪૨ ૦૪૯ નો સંપર્ક કરી શકાશે.

સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે વુમેન્સ હેલ્થ અવેરનેશ ટોક કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૪

સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર - ૧૫, ગાંધીનગર ખાતે તા. ૨૨નાં રોજ 'આઝાદીકા અમૃત મહોત્સવ' અને '૨૨૦ સમિટ' ની ઉજવણીનાં ભાગ રૂપે CWDC દ્વારા વિદ્યાર્થિનીઓ માટે **"Women's Health Awareness talk"** પર એક કાર્યક્રમ નું આયોજન થયેલ. મુખ્ય વક્તા તરીકે શહેરના ખ્યાતનામ ડૉ. જલધારાબેન પટેલ (કન્સલટન્ટ ગાઈનેકોલોજીસ્ટ, પગરવ હોસ્પિટલ) ને આંમત્રિત કરેલ. તેમણે વિદ્યાર્થિની બહેનો સાથેની ચર્ચામાં વિદ્યાર્થિનીઓની સમસ્યાઓને લગતાં મુદ્દાઓ જેવાકે ઈન્ફેકશન, વેકસીનેશન, કેન્સર, ન્યુટ્રિશન, ફૂડ હેબિટ્સ, પ્રિ કન્સેપ્શનલ કન્સલ્ટનટ વિગેરે જેવા વિષયોની ખૂબ જ ઊંડાણપૂર્વક જાણકારી આપી હતી.

અને તેઓના પ્રશ્નોના સંતોષકારક રીતે જવાબો આપી વાર્તાલાપ પૂર્ણ કરેલ હતો. આ કાર્યક્રમ માં બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ, અને સ્ટાફના સભ્યોએ હાજરી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમ પ્રિન્સિપાલ ડૉ. મહેન્દ્ર જી. ભટ્ટ સાહેબના માર્ગદર્શન હેઠળ ઝઉઙ્ઝના સભ્યોએ આયોજિત કરેલ હતો.

ગાંધીનગર, તા.૨૪

તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયેલી ઓલ ઓપન નેશનલ ટેકવોન-ડો ચેમ્પીયનશીપ યોજાઈ હતી. જેમાં ગાંધીનગરના જશ્ન જોશીએ ભાગ લઈ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. તે બદલ જશ્ન જોશીને પરિવારજનો અને સ્નેહીજનોએ શુભેચ્છા પાઠવી હતી.

કલોલ તાલુકાના ખેડૂતોની પ્રાકૃતિક ખેતી કરવા રાંધેજા ખાતે તાલીમ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

કલોલ તાલુકાના ખેડૂતોની કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, રાંધેજા ખાતે તાલિમ યોજવામાં આવી હતી. જેમાં કલોલ તાલુકાના જુદા જુદા ગામોમાંથી ખેડૂતો હાજર રહી ખેતીની જુદી જુદી પદ્ધતિઓ વિશે માહિતી મેળવી નેશનલ ફૂડ સિક્યોરીટી મિશન ન્યુટ્રીસીરીયલ યોજના તેમજ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા માટે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. રાજયની ખેતીલાયક જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ ઓછું છે. માટે છોડને જરૂરી લભ્ય પોષક તત્વોની ઉણપ વર્તાય છે અને ઓછો ઓર્ગેનિક કાર્બન એટલે જમીનની ફળદ્રુપતા ઓછી, માટે જમીનની ફળદ્રુપતા વધારવા અને જમીનમાં પોષક તત્વોનું પ્રમાણ વધારવા પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી તૈયાર કરેલું જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત કઈ રીતે બનાવવું, જેનો લાઈવ ડેમો ખેડૂતોને આપવામાં આવ્યો. ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વધે તેમનો ખેતી ખર્ચ ઘટે અને રસાયણમુક્ત ઉત્પાદન પેદા થાય, જે માટે ખેડૂતોની તાલીમ શિબિર યોજવામાં આવેલ હતી. જેમાં પલક બી. પટેલ મદદનીશ ખેતી નિયામક (વિ.), દ્વારા ખેડૂતોમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા વિવિધ માહિતી અને તેમાં પડતી મુશ્કેલીઓના નિવારણો બાબતે વિસ્તૃત સમજ આપવામાં આવી. જેમાં કેવીકે ના વિનય ગોર, વિસ્તરણ અધિકારી (ખેતી) અનિરૂદ્ધસિંહ સોલંકી તાલિમમાં હાજર રહ્યા હતા.

આર્મ્સ એકટના ગુનામાં નાસતો ફરતો આરોપી યુપીથી ઝડપાયો

એલસીબી-૧ પોલીસની ટીમ ઉતરપ્રદેશથી પકડી લાવી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના ચિલોડા પોલીસ મથકે આર્મસ એકટના નોંધાયેલા ગુનામાં છેલ્લા સવા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને તેના વતન ઉતરપ્રદેશથી પકડી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજયમાં આર્મસ એકટ હેઠળ નોંધાયેલા ગુનામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે તા.૧૦ થી૨૮ ફેબુઆરી ૨૦૨૩ સુધી સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસવડા તરૂણ દુગ્ગલ દ્વારા ડ્રાઈવ અન્વયે વિવિધ ટીમોની રચના કરવામાં આવી હતી. એલસીબી-૧ પીઆઈ ડી.બી. વાળા અને એસઓજી પીઆઈ વી.ડી.વાળાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ. જે. મકવાણાના ટીમના એસ એસ આઈ ભવાનસિંહ, પો.કો. રાજવીરસિંહ અને સામંતસિંહ આ દિશામાં કાર્યરત હતા. તે સમયે એલસી બીના જવાનોને ચોક્કસ બાતમી મળી હતી કે ચિલોડા આર્મસ એકટના ગુનામાં છેલ્લા સવા વર્ષથી નાસતા ફરતા આરોપી રીંકુ બ્રિજરાજસિંગ યાદવ (ઉં.૨૬, રહે.ખિતૌરા, પો.સ્ટે. પીલખાના તા.બકેવર જી-ઈટાવા ઉતરપ્રદેશ) ને તેના વતનથી પકડી લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાવોલમાં સામાન્ય બાબતે આધેડની હત્યા

બોરકુવા ઉપર પાણીની ટેન્કર લાઈનમાં ઉભી રાખવાની સામાન્ય બાબતે પિતા અને બે દિકરાઓએ પાઈપ, ધોકો અને ધારીયા વડે હુમલો કરી ગોકુળપુરા ખાતે રહેતા આધેડનું ઢીમ ઢાળી દીધુ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર વાવોલની દેવ ઈન્ટરનેશનલ સ્કુલની બાજુમાં એમ.આર.પટેલના બોરકુવા ઉપર પાણીની ટેન્કર લાઈનમાં ઉભી રાખવાની સામાન્ય બાબતે પિતા અને બે દિકરાઓએ પાઈપ, ધોકો અને ધારીયા વડે હુમલો કરી ગોકુળપુરા ખાતે રહેતા આધેડનું ઢીમ ઢાળી દીધુ હતું. વાવોલમાં સવારના સમયે હત્યા થતા ચકચાર મચી જવા પામી હતી. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના છારદ ગામના અને હાલ ગાંધીનગર ગોકુળપુરા મકાન નં.૩૪૬ ખાતે રહેતા રણજીતભાઈ મનુભાઈ કોળી અને તેમનો નાનો ભાઈ લાલો વોટર સપ્લાયનો વેપાર કરે છે. જયારે તેના કૌંટુબીક કાકા નંદાભાઈ ફુલાભાઈ કોળી પટેલ તેમજ તેમના દિકરા વિક્રમ અને રાહુલ પણ વોટર સપ્લાયનો વેપાર કરે છે. આજરોજ સવારના સવા સાત વાગે રણજીત અને તેનો ભાઈ લાલો વોટર ટેન્કર લઈને વાવોલ દેશ ઈન્ટરનેશનલ સ્કુલની બાજુમાં એમ.આર.પટેલના બોરકુવા ઉપર પાણી ભરવા માટે ગયા હતા. તે સમયે ટેન્કરમાં પાણી ભરવા માટે રણજીતભાઈનો વારો હતો. તે સમયે નંદાભાઈ ફુલાભાઈ કોળીએ તેમનુ ટ્રેકટર વચ્ચે લાઈનમાં ઉભુ કરી દીધુ હતું. જેથી રણજીતે નંદાભાઈને ટેન્કર વચ્ચે ન લાવવા કહ્યું હતું. જેથી નંદાભાઈએ ઝઘડો કરી ગાળો બોલવાનું શરુ કર્યું હતું. જેથી રણજીતે તેમના પિતા મનુભાઈને ફોન કરી બોરકુવા પર બોલાવ્યા હતા. જેથી નંદાભાઈએ તેમના બે દિકરા રાહુલ અને વિક્રમને પણ બોલાવ્યા હતા. ત્યારે વિક્રમ પોતાના હાથમાં પાઈપ અને રાહુલ ધારીયુ લઈને આવ્યો હતો. જયારે નંદાભાઈએ ટ્રેકટરમાંથી ધોકો કાઢી લાલાને જમણા ખભે મારી દીધો હતો. જયારે રાહુલે લાલા ભાઈને પીઠ ઉપર ધારીયુ મારવા જતા તેઓએ બચાવ કર્યો હતો. તે સમયે રણજીતના પિતા મનુભાઈ આવી જતા તેઓ છોડાવવા માટે વચ્ચે પડતા રાહુલે મનુભાઈને ગાળો બોલી ધારીયુ પીઠના ભાગે મારવા જતા ધારીયું ઉંધુ થઈ જતા તે વાગ્યું હતું. જયારે નંદાભાઈ અને રાહુલે મનુભાઈને પકડી રાખ્યા હતા. તે સમયે રણજીત છોડાવવા જતા તે સમયે વિક્રમે પાઈપ મનુભાઈને માથાના ભાગે મારી હતી. તે સમયે નંદાભાઈએ ધોકો મારતા આંગળી પર ઈજા પહોંચી હતી. જયારે અન્ય ટેન્કર ચાલકો દોડી આવતા વધુ મારમાંથી છોડાવ્યા હતા. ત્યારબાદ ગંભીર રીતે ઘાયલ મનુભાઈને ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાતા ફરજ પરના તબિબે તપાસી તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવને પગલે સેકટર-૭ પોલીસ ઘટના સ્થળે દોડી આવી પિતા અને બે દિકરાઓ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આજે સે. ૩-ડી માં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨૪

માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો સે. ૩-ડી, પ્લોટ નં. ૧૦૧૭/૨, નવરાત્રી ચોક પાસે તા. ૨૫ને શનિવારે બપોરે ૨ થી ૫ કલાક સુધી યોજાશે. તો સર્વે ભાવિભક્તોએ પધારવા ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યું હતુ.

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ દ્વારા માણસા ખાતે વાર્ષિક શિબિરનું ઉદ્ઘાટન

ગાંધીનગર, તા. ૨૪

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ દ્વારા તા. ૨૧-૨-૨૩ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત વિશ્વ એક પરિવાર અભિયાન શિબિરનું ઉદ્ઘાટન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, સંસ્થાના ઉપપ્રમુખ રણછોડભાઈ ચૌધરી, કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરી, પ્રા. મુન્નાભાઈ ચૌધરી, ડૉ. વ્યાસ, મીનાબેન સિનિયર ક્લાર્ક મેહુલભાઈ શાસ્ત્રી તેમજ ૫૦ વિદ્યાર્થીનીઓ હાજર રહેલ હતી. તેમાં જુદી જુદી પ્રવૃત્તિઓ અઠવાડિયા દરમિયાન જેવી કે સ્વચ્છતા અભિયાન, યોગ, નશાબંધી તેમજ વ્યસનમુક્તિ પર વ્યાખ્યાન મફત નેત્ર નિદાન તથા મફત ડાયાબિટીસ નિદાન કેમ્પ પ્રાકૃતિક ખેતી પર વ્યાખ્યાન જેવા કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં માણેકપુરના સરપંચ ક્રિષ્નાબેન ચૌધરી, સામાજિક આગેવાન સોમાભાઈ ચૌધરી, સંકુલ માણસાના મહામંત્રી રમણભાઈ ચૌધરી, અમૃતભાઈ ચૌધરી, ટી.આર.એફ. હાઈસ્કૂલ ચૌધરી છગનભાઈ એમ., ટી.આર.એફ. હાઈસ્કૂલ મંત્રી, બળિયાનગર (માણેકપુર) અતિથિવિશેષો હાજર રહ્યા હતા. તેમજ વિશેષ ઉપસ્થિતિ જે બાબુભાઈ ભીખાભાઈ, બળદેવભાઈ, ભરતભાઈ આચાર્ય, ટી.આર.એફ. સાર્વજનિક હાઈસ્કૂલ બળિયાનગરના હાજર રહેલ હતા. આ કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. સજ્જનબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યુ હતુ. કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરીએ સાથ સહકાર આપ્યો હતો તેમજ સમગ્ર સ્ટાફગણ સાથે રહેલ હતો.

આંતરિયાળ સેકટરોમાં રસ્તાઓ બિસ્માર બન્યા

છેલ્લા ઘણા સમયથી સેક્ટર ૪ ઓમકારેશ્વર મંદિર થી ગ- રોડ તરફના રસ્તાની વચ્ચે આખી પટ્ટી બિસ્માર હાલતમાં છે.

ગાંધીનગર, તા.૨૪

શહેર માં મુખ્ય માર્ગો ચકચકાટ જોવા મળી રહ્યા છે જેની સામે આંતરિયાળ સેકટરો માં રસ્તાઓ બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યા છે.જેમાં વાહન ચાલકો માટે મુશ્કેલીઓ સર્જાઇ રહી છે.રાત્રી દરમિયાન રસ્તાઓ પરથી પસાર થવું વાહન ચાલકો માટે ભય સમાન બની જવા પામ્યું છે.

પાટનગર માં સેકટર માં રસ્તાઓ બિસ્માર હાલતમાં છે જ્યાં રાત્રી દરમિયાન પસાર થવું લોકો માટે ભયજનક બની રહ્યું છે. ઠેક ઠેકાણે ખાડાઓ થઈ ગયા હોવાથી લોકો ને રસ્તાઓ પર થી પસાર થવું મુશેકલી સમાન લાગી રહ્યુ છે.

તાજેતરમાં ગાંધીનગર માં સેક્ટર ૪ ઓમકારેશ્વર મંદિરથી ગ-રોડ તરફ જવાનો માર્ગ વ્યવસ્થિત બનાવ્યો છે પણ રસ્તા ના આગળના ભાગમાં ખાડાની લાંબી લીટી છે આ ખાડો બધાને નડી રહ્યો છે રસ્તા નું કામ પૂર્ણ કર્યું પણ આ ખાડો ના પુરાયો પ્રત્યેકને આ ખાડો વારંવાર નડે છે અને વાહન ઉછળે છે.

આ માર્ગ પરથી પસાર થતા વાહનો માટે અકસ્માત ના ભયનો માહોલ જોવા

મળી રહ્યો છે.રાત્રી દરમિયાન અવર જવર કરતા રાહદારીઓ માટે પણ અહીંયા થી પસાર થવું ભયજનક સાબિત થઈ રહ્યું છે.પૂરપાટ ઝડપે દોડતી ગાડીઓ માટે આ ખાડા ટેકરા કમર તોડ સાબિત થઈ રહ્યા છે વાહન ચાલકો ને જો આ ખાડા ન દેખાય તો અચાનક બ્રેક લગાવવાનો વારો આવે છે.

અને ઘણા વાહનો ને નુકશાન પણ થઈ રહ્યું છે.આ નાની પટ્ટી તાત્કાલિક રીપેર કરવા આસપાસ રહેતા લોકો વતી માંગ કરવામાં આવી રહી છે.